પાલનપુર રેલવે સ્ટેશન વિસ્તારમાં રાત્રે દારૂડીયાઓનો આતંક

આવતા-જતા મુસાફરો બેફામ ગાળો બોલી હેરાન પરેશાન કરી રહ્યા છે

પાલનપુર, તા.૧૬

પાલનપુર રેલવે સ્ટેશન વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી રાત્રિ દરમિયાન દારૂ પી ને છાટકા બની દારૂડીયાઓ રેલવે સ્ટેશને આવતા-જતા મુસાફરો ને હેરાન-પરેશાન કરી રહ્યાની ફરિયાદ ઉઠવા પામી છે અને જિલ્લા પોલિસ વડા ગંભીરતા દાખવીને અસામાજીક તત્વોને દૂર કરાવે તેવી મુસાફરો માંગ કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા જિલ્લામાં આવેલ પાલનપુરનું રેલવે સ્ટેશન 'એ' કેટેગરીમાં મુકાયું છે. જયાં ટ્રેનોની અવર જવર પણ વધવા લાગી છે. આથી જિલ્લાના અને રાજસ્થાનના પેસેન્જરો પાલનપુર ખાતે અવર જવર કરે છે ત્યારે આ વિસ્તારમાં રાત્રિના સમય દરમિયાન દારુના નશામાં ચકચૂર દારૂડીયા તત્વો બેફામ ગાળો બોલે છે અને મહિલાઓ તથા યુવતીઓની છેડછાડ કરે છે તેમ છતાં નાઈટ પેટ્રોલિંગ કરતા પોલીસ કર્મીઓ પણ આ મામલે આંખ આડા કાન કરી રહ્યા છે ત્યારે મુસાફરો દારૂડીયાઓ અને પોલીસ તંત્ર સમક્ષ ભારે રોષે ભરાયા છે અને તાત્કાલિક જિલ્લા પોલિસ વડા આ મામલે ગંભીરતા દાખવીને અસામાજિક તત્વોને દૂર કરાવે તેવી મુસાફરો ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં સ્વામી વિવેકાનંદની વકતૃત્વ સ્પર્ધા યોજાશે

પાલનપુર, તા.૧૬

સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ ઉજવણી સમિતિ બનાસકાંઠા અને સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્રના ઉપક્રમે બનાસકાંઠા જિલ્લાની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ રહી છે.

આ સ્પર્ધા તા. ૧૨-૧-૨૦૧૩ થી ૨૧-૧-૨૦૧૩ સુધી ચાલશે. ધોરણ ૬ થી ૮ના તમામ વિદ્યાર્થીઓ સ્વામી વિવેકાનંદજીના બાલ્ય અવસ્થાના પ્રસંગો વિશે તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિદ્યાર્થીઓ યુવાનોના પ્રેરક વિવેકાનંદજીના જીવનનું વર્ણન કરશે. પ્રત્યેક શાળામાં સ્પર્ધા યોજાશે અને વિજેતાનું પરિણામ શાળાના આચાર્ય નક્કી કરશે. વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવશે. સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ ઉજવણી સમિતિના જિલ્લા કન્વીનર ગણપતભાઈ જોષીના અધ્યક્ષ સ્થાને યુવા વિકાસ કેન્દ્રની બેઠક મળી હતી. જેમાં વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ઊંઝા એ.ટી. ડેપોના ડ્રાઈવરનું ફરજ પર કરૂણ મોત

ઊંઝા, તા.૧૬

ઊંઝાથી વડોદરા જતી ગુજરાત એસ.ટી. નિગમની બસના ડ્રાઈવરને માર્ગમાં મહેસાણા ખાતે અચાનક કથિત હૃદયરોગનો હૂમલો આવતાં ડ્રાઈવરનું કરૂણ મોત નિપજયું હતું.

બનાવની વિગત એવી છે કે, ઊંઝા એસ.ટી. ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા સુરેશભાઈ ચૌધરી ઉ.વ. ૩૬ રહે. ખડોસણ તા. વિસનગર સવારના સાત વાગે ઊંઝાથી વડોદરા રૂટની એસ.ટી. બસ હંકારીને વડોદરા તરફ જવા નીકળ્યા હતા ત્યારે માર્ગમાં મહેસાણા મોઢેરા ચાર રસ્તા એસ.ટી. વિભાગીય કચેરીના બસસ્ટેન્ડ પર અચાનક તેમને છાતીના ભાગે દુઃખાવો થયો હતો. જેથી તેમણે સમય સૂચકતા દાખવીને બસને તુરંત સ્ટેન્ડ પર થોભાવી દીધી હતી.

બાદ તેમને તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સ્થાનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા જયાં તેમનું કરૂણ મોત નિપજયું હતું. આ કરૂણ ઘટનાની જાણ થતાં ઊંઝા એસ.ટી. ડેપો મેનેજર મેવાડા સહિત અન્ય અધિકારીઓ મહેસાણા હોસ્પિટલમાં દોડી ગયા હતા. આ દુઃખદ ઘટનાથી ડેપોના અધિકારીઓ અને કામદારોમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી.

ઓ.એન.જી.સી. દ્વારા ઉર્જા સપ્તાહની ઉજવણી

મહેસાણા, તા. ૧૬

ભારત વિશ્વભરના કાર નિર્માણ કરવામાં સાતમા સ્થાને, ટુ-વ્હિલરના નિર્માણમાં બીજા સ્થાને અને થ્રી-વ્હિલર ટ્રેમજ ટ્રેક્ટરના નિર્માણમાં પ્રથમ સ્થાને રહેનાર દેશ તરીકે ઉભરી રહ્યો છે, અને આ વાહનોની આ વધતી જતી સંખ્યા અને તેમાં વપરાનાર ઉર્જા આવનારા દિવસોમાં અનેક સમસ્યાઓ ઊભી કરશે.

આ સમસ્યાઓએક માત્ર ઉકેલ જન જાગૃતિ છે અને તેને લક્ષમાં લેતા ઉર્જા બચાવવાના ઉદ્દેશ સાથે રોજ ઓ.એન.જી.સી.ની એમ્પ્લોઈઝ મજદૂર સભા દ્વારા મહેસાણા ખાતે સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યુંહતું. લગભગ દસ કી.મી. જેટલી લાંબી રેલીનું ઓ.એન.જી.સી.ના ડી.જી.એમ. પી.કે. વર્માએ લીલી ઝંડી ફરકાવીને પ્રસ્થાન કરાવ્યું હતું. ત્યારબાદ આ રેલી શહેરનાં મુખ્ય માર્ગો જેવા કે બિલાડી બાગ, હેદરી ચોક, રંજનનો ઢાળ, તોરણવાળી માતા, ફૂવારા, ગોપીનાળા થઈને રાધનપુર ચાર રસ્તા ઉપરથી પસાર થઈને છેલ્લે કે.ડી.એમ. ભવન ઓફિસ ખાતે રેલીનું સમાપન કરવામાં આવ્યુંહતું. જેમાં પ્લે કાર્ડસ અને બેનર દ્વારા ઉર્જા બચાવોના વિવિધ સૂત્રો દ્વારા પ્રજામાં જાગૃતિનો સંદેશો ફેલાવવામાં આવ્યો હતો.

આ રેલીમાં ૨૦૦થી વધુ સાઈકલીસ્ટો સાથેની આ રેલીમાં એસેટ મેનેજર તેનું સમાપન એસ.કે.ગુપ્તા એ કરાવ્યું હતું. આ રેલીમાં બી.રામ અને ગ્રુપ હેડ કમાન્ડર હેડ તથા ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા.

હિંમતનગરમાં કાર અને સોનાના દોરાની ચોરી કરનાર ઝડપાયા

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરમાં એક વર્ષ પહેલા કાર અને મહિલાના ગળામાંથી એમ બે ચોરી કરનારા ચાર જણાને

હિંમતનગર પોલીસ મંગળવારના રોજ સાબરમતી જેલમાંથી ટ્રાન્સફરથી લઈ આવીને કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત આપતા તપાસ કરનારા હિંમતનગર ટાઉન પોલીસમથકના પી.એસ.આઈ. કે. આર. પરમારે જણાવેલ કે આજથી એક વર્ષ પહેલા હિંમતનગર શહેરના મહાવીરનગર વિસ્તારમાં આવેલી સમેશ્વર સોસાયટીમાં રહેતા હરેશભાઈ પટેલની એસ્ટીમ કાર નંબર જીજે-૧-એચબી-૪૦૧૫ ની રાત્રી દરમિયાન તેમના ઘર આગળથી સતપાલસિંગ ઉર્ફે સસપાલસિંગ તારાસિંગ કલાણી (રહે. થાણા, મુંબઈ) અને ચરનસિંગ ઉર્ફે ચંદનસિંગ કલ્યાણસિંગ કલાણી (રહે. સેક્ટર-૧૩, ગાંધીનગર)ના બંને જણા ચોરી કરી લઈ ગયેલા જે કાર ગાંધીનગરમાં સેક્ટર-૬માં ગૌચર જમીનમાં બાવળિયા વચ્ચે સંતાડી દીધી હતી. દરમિયાન ગાંધીનગર પોલીસના હાથે આ બંને ઝડપાઈ ગયા હતા. તેમણે હિંમતનગરની કાર ચોરી કબૂલી હતી ત્યારે બીજી તરફ હિંમતનગરમાં એક વર્ષ પહેલા ટાવર ચોકમાંથી સાંજના સુમારે એક મહિલાના ગળામાંથી સોનાનો દોરો પલ્સર મેમકો, નરોડા, અમદાવાદના રહેવાસી વિજય ઉર્ફે વીજુ અમરત પરમાર અને રાકેશ ઉર્ફે રાકલો લાલજીભાઈ સોલંકી બંને યુવાનો તોડી નાસી ગયેલા જે પણ ગાંધીનગર પોલીસના હાથે પકડાઈ ગયેલા અને તેમણે પણ દોરાની તડફંચી કબૂલી હતી. જેથી પોલીસે ચારેય જણાને મંગળવારના રોજ સાબરમતી જેલમાંથી ટ્રાન્સફરથી હિંમતનગર ટાઉન પોલીસમથકે લાવ્યા હતા અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને કાર પણ કબજે લીધી હતી. કાર ચોરી કરનારા બે જણાએ રાજ્યમાં અલગ અલગ શહેરોમાં ૨૦ થી વધુ ચોરી કરી હોવાની કબુલી હતી. જ્યારે સોનાનો દોરો તોડનારા બે જણાએ પણ રાજ્યના અલગ અલગ શહેરોમાં ૨૫ થી વધુ સોનાના દોરાની તડફંચી કરી હોવાની કબુલ કરેલ હતું. વધુમાં કાર ચોરી કરનાર બે જણા પૈકી એક સતપાલસિંગ ઉર્ફે સસપાલસિંગ તારાસિંગ કલાણી (રહે. થાણા, મુંબઈ) એ તો પોતાના બનેવીની હત્યા પણ કરેલી છે.

ઈડર ખાતે સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ નિમિત્તે મહારેલી યોજાઈ

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠાના ઈડર ખાતે સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતિ ગતરોજ તારીખ ૧૨ જાન્યુઆરી-૨૦૧૩ના રોજ ઉજવણી કરવામાં આવી હતી.

ઈડર ખાતેની સરકારી વિજ્ઞાન કોલેજમાં સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ પ્રસંગે મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય સ્વામી વિવેકાનંદજીના જીવન ઉપર જનજાગૃતિ ફેલાવવાનો તેમજ તેમના વિચારોને દેશના સાર્થક વિકાસ માટે અમલી બનાવવાનો હતો. સરકારી વિજ્ઞાન કોલેજના આચાર્ય ડી.પી. પટેલ સહિત તમામ અધ્યાપકો તેમજ કોલેજના વિદ્યાર્થીઓએ રેલીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્વામીજીના વિચારો જીવનમાં પ્રેરણા જ્યોત બનાવવા માટે વિદ્યાર્થીઓએ પ્રતિજ્ઞા લીધી હતી. મહારેલી નગર ભ્રમણ બાદ મહાસભામાં પરિણમી હતી. જ્યાં વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદજીના જીવન વિષે ઉદ્બોધન કરવામાં આવ્યા હતા.

ખેડબ્રહ્મા કોલેજમાં પત્રકારિતા વર્ગનો પ્રારંભ

ખેડબ્રહ્માની ડી.ડી. ઠાકોર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ દ્વારા યુ.જી.સી.ની સી.પી.સી. યોજના અંતર્ગત પત્રકારિતા સર્ટીફીકેટ કોર્સનો બુધવારના રોજ પ્રારંભ કરવામાં આવ્યો છે. તા. ૧૬જાન્યુઆરીથી ૧૦ ફેબ્રુઆરી દરમિયાન ચાલનાર આ કોર્સમાં ૨૫ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. આ અંગે યોજાયેલ ઉદઘાટન કાર્યક્રમમાં સંસ્થાના અધ્યક્ષ ડૉ. છગનભાઈ પટેલ-મંત્રી જેઠાભાઈ પટેલ, આચાર્ય એન.ડી. પટેલ-ઈડર કોલેજના પ્રા. ભાનુભાઈ રોહીત, આર.આર. જાની સહિત કોલેજ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. પત્રકારીતાનું મહત્વ સમજાવતાં ઈડર કોલેજના ડૉ. ભાનુભાઈ રોહીતે જણાવ્યું હતું કે 'ખીચો ન તલવાર, તોય મુકાબીલ હો તો કલમ નિકાલો' આ કોર્સ દરમિયાન ડૉ. લોઢા ઈલે. મીડીયા-વિશ્વ પત્રિકાના ડૉ. અર્જુન તડવી, ડૉ. નીના શર્મા, જગદીશ આણેરાવ સહીત વીસ જેટલા વિષય તજજ્ઞો ઉપસ્થિત રહેનાર છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. જે.એસ. રાઠવાએ કર્યું હતું. (તસવીર : રમેશ વેષ્ણવ, ખેડબ્રહ્મા)

ઊંઝા માર્કેટ યાર્ડમાં જીરા વરિયાળીની નવી આવકોનો પ્રારંભ

ઊંઝા, તા.૧૬

ઊંઝા ગંજબાજારમાં ઉત્તરાયણ પૂર્વે સૌરાષ્ટ્રમાંથી જીરાના નવા માલની પરચૂરણ આવક થતાં વેપારમાં સાવધાની રાખવામાં આવી રહી છે. સામાન્ય રીતે દર વર્ષે જાન્યુઆરી મહિનાની આખરમાં સૌરાષ્ટ્રમાંથી નવા માલની આવક થતી હોય છે. પરંતુ આ વર્ષે વહેલી આવક શરૂ થતાં વેપારી માનસ બદલાયું છે. નવા માલની ધીમી આવકને લઈને બજારમાં વેચવાલી તરફી માનસ થયું છે. છેલ્લા કેટલાક સમયથી દેશાવરોની ઘરાકી ઠંડી છે. જેથી ભાવનું વલણ ઘસારા તરફી થયેલ છે. પાછલા વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ગુજરાત અને રાજસ્થાનમાં મસાલાની ચીજ જીરૂનું મોટા પાયે વાવેતર થયું છે. ખેતરોમાં ઉભા પાકના દાણા બેસવા માંડયા છે.

બીજું પાકને અનુકુળ ઠંડી પડવાથી હાલ પાકમાં કોઈ બગાડ કે નુકશાન થયાના અહેવાલ નથી. આથી આગામી સિઝનમાં નવા માલનું ખૂબ સારું ઉત્પાદન થવાની ધારણાને કારણે વેપારીઓ વેપારમાં સાવધાની રાખી રહ્યા છે. ઠંડી ઘરાકી, વેચવાલી તરફી માનસ અને નવા પાકના ઉંડા અંદાજોને લીધે આગળ ઉપર જીરાના ભાવમાં ઘટાડો થવાની શકયતા જણાયછે.

દરમિયાન સ્થાનિક ગંજબાજારમાં રાજસ્થાનના આબુરોડ સાઈડમાંથી વરીયાળીના સારા કલર માલની ધીમી આવક શરૂ થવા પામી છે. નવો માલ હવાવાળો આવે છે. એટલે તેના ૨૦ કિલોના ભાવ ૧૪૦૦થી ૧૮૦૦ રૂ. સુધીના પડે છે.

ઓરણ ગામે ગુજરાતી ફિલ્મનું શુટીંગ જોવા લોકો ઉમટયા

'ગોરી પ્રેમ કરે તો સાચો કરજે' ફિલ્મના શુટીંગમાં નરેશ કનોડીયા અને ફિરોઝ ઈરાનીને જોવા માટે ભીડ ઉમટી

(તસવીર : સંજય રાવલ)

પ્રાંતિજ, તા.૧૬

પ્રાંતિજ તાલુકાના ઓરણ-તાજપુર ગામે આવેલ સાબરમતી નદીના કોતરોમાં ગુજરાતી ફિલ્મનું શુટીંગ જોવા આજુબાજુના ગામથી લોકોના ટોળેટોળા ઉમટયા હતા.

મળતી વિગત મુજબ ઓરણ-તાજપુર ગામે આવેલી સાબરમતી નદીના કોતરોમાં ગુજરાતી ફિલ્મ 'ગોરી પ્રેમ કરે તો સાચો કરજે'નું શુટીંગ છેલ્લા અઠવાડીયાથી કોતરોમાં ચાલે છે. ઓરણ નદીની કોતરોમાં અગાઉ ગુજરાતી ફિલ્મ રૂડો રબારી, અંતિમ ઈચ્છા સહિત હિન્દી ફિલ્મોનું શુટીંગ પણ આ જગ્યાએ થયેલું છે. આ ગુજરાતી ફિલ્મ 'ગોરી પ્રેમ કરે તો સાચો કરજે'માં ઢોલીવુડના સુપરસ્ટાર નરેશ કનોડીયા, વિલનની ભૂમિકામાં ફીરોઝ ઈરાની સહિત રીના સોની, રાજદીપ બારોટ, હેમંતકુમાર ધાર્મિક, ભરત ભાનુ વગેરે ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવશે. આ ફિલ્મનું શુટીંગ જોવા ઓરણ ગ્રામ સહિત આસપાસના ગામડાના લોકો મોટી સંખ્યામાં આવે છે.

સાબરકાંઠા જિલ્લામાં બે અલગ અલગ માર્ગ અકસ્માતમાં બે ના મોત

હિંમતનગર, તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સદોલીયા ગામ નજીક અને વડાલીના વડાલી કમ્પા પાસે એમ બે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં બે ના મોત નિપજયા હતા આ અંગે જે તે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ વડાલીથી ધરોઈ માર્ગ પર આવેલા વડાલીકમ્પા નજીક મંગળવારના રોજ સાંજ ના ૫ વાગેના સુમારે નવા નગરના ૩૫ વર્ષીય રાજુભાઈ છગનભાઈ ઠાકરડા બાઈક લઈને વડાલીથી ધરોઈ તરફ જઈ રહ્યા હતા દરમિયાન રાજુભાઈએ અચાનક બાઈક પરનો કાબુ ખોઈ દેતા બાઈક પુલ સાઈડમાં ખાબકયું હતું જેમાં રાજુભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી તેને તાત્કાલિક સારવાર માટે લઈ જતા રસ્તામાં મૃત્યુ થયું હતું આ અંગે વડાલી પોલીસ મથકે મંગળવારના રોજ સાંજે નવાનગરના રણછોડભાઈ છગનાભાઈ ઠાકરડાએ ફરિયાદ નોંધાવી હતી જયારે બીજો અકસ્માત પ્રાંતિજ તાલુકાના સદોલીયા ગામ નજીક ૧૪મી જાન્યુઆરીના રોજ બપોરે ૧.૩૦ વાગેના સુમારે રોડ પર સર્જાયેલ જેમાં ગાંધીનગર જિલ્લાના માધવગઢ ગામના દિનેશભાઈ કાળાભાઈ રાવલ પોતાનું બાઈક લઈને જઈ રહ્યા હતા ત્યારે આગળ જઈ રહેલ ડાલા જેવું વાહન લોખંડના સળિયા ભરીને જઈ રહેલ જેના ચાલકે અચાનક બ્રેક મારતા પાછળ બાઈક લઈને જઈ રહેલ દિનેશભાઈને સળિયા છાતીમાં પેસી ગયેલા જેમને સારવાર માટે તાત્કાલિક અમદાવાદ સિવિલમાં ખસેડાયેલ હતા જયાં તેમનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. આ અંગે પ્રાંતિજ પોલીસ મથકે મંગળવારના રોજ સાંજે ગાંધીનગર જિલ્લાના માધવગઢ ગામના જગદીશભાઈ કાળાભાઈ રાવળે ફરિયાદ નોંધાવી હતી.

હિંમતનગર મુકામે ઉમિયા પરિવાર દ્વારા દ્વિતીય શૈક્ષણિક પરિબ્રહ્મ પરિણામ સન્માન સમારોહ યોજાયો

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠાના મુખ્ય મથક હિંમતનગર ખાતે ઉમિયા પરિવાર આયોજીત 'દ્વિતીય શૈક્ષણિક પરિબ્રહ્મ પરિણામ સન્માન સમારોહ' તાજેતરમાં વિશ્વ ઉમિયા પાટીદાર પરિવારના પ્રમુખ અને નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન અમેરીકન એસોસીએશનના ચેરમેન સી.કે. પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં જિલ્લાભરમાંથી મોટી સમાજના આગેવાનો તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમના આરંભે સંસ્થાના પ્રમુખ ડૉ. ચીનુભાઈ પટેલે સ્વાગત પ્રવચન અને સંસ્થાની પ્રવૃત્તિઓ અંગેનો અહેવાલ મંત્રી ડાહ્યાભાઈ પટેલે રજૂ કર્યો હતો. જ્યારે શિક્ષણ સમિતિના કન્વીનર દાનજીભાઈ પટેલે સન્માન સમારોહ અંગે વિગતે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

આ ઉપરાંત ઉમિયા કેરિયર ડેવલોપમેન્ટ કાઉન્સીલ અમદાવાદના ચેરમેન આર.પી. પટેલે જી.પી.એસ.સી. વર્ગોનું મહત્વ અને યુવાનોએ નવા યુગના નિર્માણ માટે શુ ફાળો આપવ જોઈએ તે એગે વિષયલક્ષી સંબોધન કર્યું હતું. બાદમાં સમાજના ૬૦ જેટલા તેજસ્વી તારલાઓને સિલ્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મહાસુખભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, મનુભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, ગિરધરભાઈ પટેલ વિગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ઈડર સરકારી વિજ્ઞાન કોલેજનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

ઈડર સરકારી વિજ્ઞાન કોલેજ દ્વારા ગાંધીનગર ખાતે યોજાયેલ વાઈબ્રન્ટ ટ્રેડ ફેર જોવા માટે વિદ્યાર્થીઓનો એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

ઈડરની સરકારી વિજ્ઞાન કોલેજના ૬૫ જેટલા વિદ્યાર્થીઓ અને કોલેજના અધ્યાપકોએ તા. ૧૧મી જાન્યુઆરીના રોજ ગાંધીનગર ખાતે યોજાયેલા વાઈબ્રન્ટના પ્રદર્શન જોવાનો અનેરો આનંદ ઉઠાવ્યો હતો. વિદ્યાર્થીઓ દરેક ડોમમાં ફરી માહિતી મેળવી હતી. તેમજ ભવિષ્યના નિર્માણ માટે ખુબ ઉપયોગી થશે. તેમ વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું. તેમજ પાછા ફરતી વખતે વિદ્યાર્થીઓએ અક્ષરધામ મંદિરની મુલાકાત લીધી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ :

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૬૨૮